ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૯૩/૧૮-૧૯/ 3105 તારીખ : 7 AUG 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
મે. કે. પી. ઈન્ડસ્ટ્રીઝ,
૨૮, જી.આઈ.ડી.સી. એસ્ટેટ,
ધ્રાંગધ્રા – ૩૬૩ ૩૧૦.
**મો.નં. ૯૯૦૯૯ ૮૩૩૦૫.**

કેસ નં.૧૯૩/૧૮-૧૯

**વિષય : એલ.ટી.એમ.ડી. વીજ કનેકશનનું સ્લોનેસના વીજબીલ બાબત.**
**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૮.૦૩.૨૦૧૯, અત્રેની કચેરીને મળ્યા તા.૧૪.૦૩.૨૦૧૯
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૯૩/૧૮-૧૯/૧૦૮૨ તા.૧૯/૦૩/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૯૩/૧૮-૧૯/૧૫૬૫ તા.૨૫/૦૪/૨૦૧૯.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૯૩/૧૮-૧૯/૨૦૧૭ તા.૦૧/૦૬/૨૦૧૯.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૯૩/૧૮-૧૯/૨૩૦૧ તા.૨૦/૦૬/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૮/૦૫/૨૦૧૯, તા.૧૧/૦૬/૨૦૧૯ અને તા.૦૩/૦૭/૨૦૧૯** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**
પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ધ્રાંગધ્રા.**

........*ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ સાદર રવાના:-**
શ્રી મુખ્ય ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, નિગમિત/ક્ષેત્રિય કચેરી, **રાજકોટ/ભાવનગર.**

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી કે. જે. પુજારા : શ્રી અધિક્ષક ઈજનેર,પ. ગ. વી. કં. લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૩) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ધ્રાંગધ્રા શહેર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G.V.C.L Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર - ૧૯૩/૧૮-૧૯**

વાદી :- મે. કે. પી. ઈન્ડસ્ટ્રીઝ

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :- પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ**:- ૦૮.૦૫.૧૯, ૧૧.૦૬.૧૯ અને ૦૩.૦૭.૧૯ ◈

હાજર રહયા :- શ્રી રાજેશભાઈ એન. પંજવાણી - (વાદીનાં અધિકૃત પ્રતિનીધી)

પ્રતિવાદી :- (૧) શ્રી કે. એન. વાઘેલા, નાયબ ઈજનેર(લેબ), વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા.
(૨) શ્રી જી. સી. વડગાસીયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા.
(૩) શ્રી કે. જે. પુજારા, અધિક્ષક ઈજનેર, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મે. કે. પી. ઈન્ડસ્ટ્રીઝ, મુ.ધ્રાંગધ્રા, જી.સુરેન્દ્રનગરની એલ.ટી.એમ.ડી. વીજ કનેકશનનું સ્લોનેસના વીજબીલ બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૯૩/૧૮-૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૯૩/૧૮-૧૯/૧૦૮૨ તા.૧૯.૦૩.૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૮.૦૫.૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ, જેમાં વાદીનાં અધિકૃત પ્રતિનીધી શ્રી રાજેશભાઈ એન. પંજવાણી હાજર રહેલ છે તથા પ્રતિવાદી તરફે શ્રી કે. એન. વાઘેલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા ઉપસ્થિત રહેલ. ત્યારબાદ બીજી મુદત તા.૧૧.૦૬.૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ, જેમાં વાદીનાં અધિકૃત પ્રતિનીધી શ્રી રાજેશભાઈ એન. પંજવાણી હાજર રહેલ છે તથા પ્રતિવાદી તરફેજી. સી. વડગાસીયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા ઉપસ્થિત રહેલ તેમજ ત્રીજી મુદત તા.૦૩.૦૭.૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ, જેમાં વાદીનાં અધિકૃત પ્રતિનીધી શ્રી રાજેશભાઈ એન. પંજવાણી હાજર રહેલ છે તથા પ્રતિવાદી તરફે કે. જે. પુજારા, અધિક્ષક ઈજનેર, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

..૨..

☞ <u>વાદીશ્રીની રજુઆતઃ</u>– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ અમો પીજીવીસીએલ, શહેર પેટા વિભાગ કચેરી હેઠળ LTMD વીજજોડાણ ૫૬ KW નું ધરાવીએ છીએ, જેનો ગ્રાહક નં.૨૪૯૦૧/૦૦૦૦૫/૫ છે.

૧.૨ અમારૂ ઔધોગિક વીજજોડાણ નં.૨૪૯૦૧/૦૦૦૦૫/૫ ની ચકાસણી તા.૨૦.૦૮.૧૬ ના રોજ કરવામાં આવેલ અને મીટરની ચકાસણી દરમ્યાન વીજમીટર ૨૩.૨૧૯ % ધીમું ફરતું હોવાનું જણાયેલ, જેનું તેઓએ મનસ્વી રીતે અર્થઘટન કરી અમોને વીજ અધિનીયમ ૨૦૦૩ ની કલમ ૧૨૬ હેઠળ કામચલાઉ આકારણી બીલ રૂા.૯૧,૫૬૭.૬૧ નું આપવામાં આવેલ, જે અંગ અમોએ નિયત સમયમર્યાદામાં વાંધો રજુ કરેલ જેમાં અમોએ સપ્લાય કોડની જોગવાઈઓ મુજબ આવા વિવાદ આપની ફોરમમાં અમારી અરજી અનુસંધાને નોંધી તજજ્ઞોની હાજરીમાં ફેરચકાસણી કરવા અમારા પત્ર નં.૨૦૮ તા.૦૨.૦૯.૧૬ થી જણાવેલ.

૧.૩ પરંતુ ઉપરોકત બાબતે લાંબા સમય સુધી કોઈ નિરાકરણ નહી આવવાથી અમોએ આપ સાહેબ સમક્ષ વિવાદ નોંધાવેલ પરંતુ આપના પત્ર નં.૮૫ તા.૦૫.૦૧.૧૭ થી અમોને જાણ કરવામાં આવેલ કે સદર કેઈસ ફોરમની સતાક્ષેત્રની બહાર હોઈ વિવાદ અરજી ગ્રાહય રાખવામાં આવેલ નહી.

૧.૪ ત્યારબાદ કાર્યપાલક ઈજનેરશ્રી, ધ્રાંગધ્રાએ સદર વિવાદ વિદ્યુત નિરીક્ષકશ્રી, સુરેન્દ્રનગર પાસે નોંધાવવા જણાવેલ, જેથી અમોએ વિવાદીત રકમના ૫૦ % રકમ તેમજ નિયમાનુસાર જરૂરી ફી ભરપાઈ કરી વિદ્યુત નિરીક્ષકશ્રી, સુરેન્દ્રનગર ખાતે અરજી કરી ન્યાય માંગેલ અને તેઓશ્રી દવારા આપવામાં આવેલ ચુકાદામાં સ્પષ્ટ દર્શાવેલ કે સદર કેઈસ વિજ અધિનીયમ ૨૦૦૩ ની કલમ ૧૨૬ સાથે સુસંગત ન હોઈ તેમની સતા બહાર હોવાથી રદ કરવામાં આવેલ.

૧.૫ જેથી ફીરીથી આપ સાહેબ સમક્ષ વિવાદ નોંધાવી ન્યાય મેળવવાનું કારણ ઉત્પન્ન થયેલ છે. આ સાથે સબંધિત પત્રવ્યવહારની નકલો સામેલ છે. જેથી નીચે દર્શાવેલ મુદ્દાઓ નું નિરાકરણ કરી ન્યાય આપવા નમ્ર વિનંતી છે.

(૧) સ્ટેટીક વીજમીટરનાં એમ.આર.આઈ. ડેટા અવારનવાર માગવા છતાં અમોને આપવામાં આવેલ નથી, જેથી નિયમ વિરૂધ્ધ ૬ માસનાં સમયગાળા માટે વીજમીટર ૨૩.૨૧૯ % ધીમું ફરતું હોવાનું ફકત અનુમાનનાં આધારે વીજબીલ અપાયેલ છે, જે રદ કરવું જોઈએ.

(૨) અમારા ઔધોગિક વીજજોડાણો જે વીજ થાંભલા પરથી આપવામાં આવેલ છે તેના પર બે જ જોડાણો છે, થાંભલા પર એક મીટર પેરેલલ મુકવામાં આવેલ છે તેમાં નોંધાયેલ રીડીગ સાથે અમારા વીજમીટરનો વપરાશ સરખાવવા અમારા પત્ર નં.૪૪૮ તા.૦૫.૧૯.૧૬ અને પત્ર નં.૪૦૦૧ તા.૦૧.૦૩.૧૯ થી લેખિતમાં જણાવેલ તેમજ અવારનવાર સદર વિગત માંગવા છતાં નહી આપવાનો હેતુ કંપનીની કોઈ ક્ષતિ છુપાવી અમોને ફકત હેરાન કરવાનો જ હોય તેમ ફલિત થાય છે.

P.G.V.C.L. Bhavnagar. Consumer Grievance Redressal Forum

(૩) ચેકીગ રીપોર્ટમાં સ્પષ્ટ જણાય છે કે દરેક સીલની સ્થિતી બરાબર છે, તેમજ કોઈપણ જગ્યાએ મીટર સાથે કોઈપણ પ્રકારે ચેડા થયેલ હોવાનું દર્શાવેલ નથી. જેથી આપવામાં આવેલ બીલ રદ કરવું જોઈએ. આ પ્રકાર નાં કેસ માં ઉતર હરીયાણા બીજલી વિતરણ નિગમ દવારા તેઓ ના ગ્રાહક ને સ્લો મીટર નું બીલ આપવામાં આવેલ જેમાં તેઓના ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દવારા આપેલ ચુકાદા મુજબ ઉતર હરીયાણા બીજલી વિતરણ નિગમની સેવાકીય ક્ષતિ ગણી તેઓ દવારા આપવામાં આવેલ બીલ રદ કરવામ આવેલ. આ સાથે સદર હુકમની નકલ જોડેલ છે, જે ધ્યાને લેવા નમ્ર વિનંતી છે.

**<u>વાદીશ્રીની રજુઆત</u>:– તા.૧૧.૦૬.૧૯ ના રોજ વાદી વતી હાજર રહેલ તેમના અધિકૃત પ્રતિનીધીની મૌખિક રજુઆત છે કે,**

.૧ મે. કે. પી. ઈન્ડસ્ટ્રીઝ એ ફોરમમાં કરેલ રજુઆત નો કેસ નં.૧૯૩/૧૮–૧૯ ના હીયરીગ માટે તા.૦૮.૦૫.૧૯ ના રોજ અમોએ એમ.આર.આઈ. રીપોર્ટ માંગેલ તે રીપોર્ટ કા.પા.ઈ.શ્રી, ધ્રાંગધ્રા એ અમોને આપેલ છે.

૨ આજરોજ ફોરમમાં ચર્ચા થયા મુજબ અમારા વીજ સ્થાપનનાં મીટરનો એમ.આર.આઈ. ફરીથી લઈ અને તે રીપોર્ટનાં આધારે ફોરમ હવે પછીની મુદતમાં હીયરીગ કરીને એમ.આર.આઈ. નો રીપોર્ટ ધ્યાન માં લઈ વધુ સુનવણી કરશે, તે સાથે અમે સહમત છીએ. વધુમાં અમોએ તા.૨૯.૦૫.૧૯ ના રોજ લેખિત પત્રથી ફરીવાર એમ.આર.આઈ. ડેટા આપવા બાબતે પ્રતિવાદીને જણાવેલ છે, જેની નકલ રજુ કરીએ છીએ.

**<u>વાદીશ્રીની રજુઆત</u>:– તા.૦૩.૦૭.૧૯ ના રોજ વાદી વતી હાજર રહેલ તેમના અધિકૃત પ્રતિનીધીની મૌખિક રજુઆત છે કે,**

૧ અમોને આપેલ બીલ અંગે ન્યાય કરવા વિનંતી કરેલ છે. વિશેષ હીયરીગ દરમ્યાન અમોને જણાવવામાં આવ્યું કે તા.૨૦.૦૮.૧૬ અને તા.૧૨.૦૬.૧૯ ના રોજ લીધેલ એમ.આર.આઈ. ડેટા પરથી જે યુનિટ આવેલ તેના ૨૩% સ્લોનેસનું બીલ અમોને આપવામાં આવશે અને જુના બધા બીલ રદ કરવામાં આવશે તેમજ અમોએ ભરેલી રકમ ફોરમનાં હુકમ મુજબ જે બીલ થાય તેની સામે એડજસ્ટમેન્ટ થાશે. આથી અમારા વીજજોડાણનું થ્રી ફેઈઝ મીટર તાત્કાલીક બદલવા માટે અમો સહમત છીએ અને મીટર બદલાય તે તારીખ સુધીનું એમ.આર.આઈ. ધ્યાનમાં રાખી અમોને બીલ આપવા વિનંતી.

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત:– તેમની રજુઆત છે કે,</u>**

અગાઉના પ્રત્યુતરમાં એમ.આર.આઈ. ડેટા ગ્રાહકને આપવામાં આવેલ ન હતાં પરંતુ અગાઉની મીટીગ બાદ ગ્રાહકની માંગણી મુજબ તેમજ આપશ્રીના આદેશ મુજબ ચેકીગ તા.૨૦.૦૮.૨૦૧૬ ના એમ.આર.આઈ. ડેટા ગ્રાહકશ્રીને સદર પેટા વિભાગીય કચેરી દવારા આપવામાં આવેલ છે.

થાંભલા પર પેરેલલ એટલે કે ડી.ટી. મીટર લગાવેલ છે જે એનર્જી ઓડીટ માટે લગાવેલ હોય છે. જે કચેરીના હેતુ માટે લગાવવામાં આવેલ છે. જેથી મીટર સાથે ગ્રાહકના સદર મીટરના રીડીગ અને પેરેલલ મીટરના રીડીગ સરખાવી શકાય નહી. આમ માનવંતા ગ્રાહકને હેરાન કે પરેશાન કરવાનો ઈરાદો નથી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L
Bhavnagar.

૨.૩ અરજદારને આપવામાં આવેલ બીલ કોઈ ચોરી અંગેનું કે મીટર સાથે ચેડાનું નથી પરંતુ તકનીકી ક્ષતિના કારણે મીટરના યુનિટ ૧૦૦% ના દર્શાવતાં હોય એકયુટેસ્ટ મુજબ મીટર ૨૩.૨૧૩% સ્લોનેસ માલુમ પડેલ, જેના આધારે પુરવણી બીલ ઈસ્યુ કરવામાં આવેલ છે.

૨.૪ ઉપરોકત વિષયના અનુસંધાને વધુમાં આપ સાહેબને જણાવવાનું કે કે.પી.ઈન્ડસ્ટ્રીઝને તા.૨૦.૦૮.૨૦૧૬ ના રોજ નાયબ ઈજનેર(લેબ) દવારા ચેકીગ શીટ નં.SNC B ૪૭૦૨૬ તા.૨૦.૦૮.૨૦૧૬ થી ચકાસણ કરવામાં આવેલ (નકલ સામેલ કરેલ છે) જેનું તેમના દવારા એકયુચેક ટેસ્ટમાં મીટર ૨૩.૨૧૩% સ્લો માલુમ પડેલ છે. સદર મીટરનો એમ.આર.આઈ. રીપોર્ટ પણ તેઓના દવારા લેવામાં આવેલ છે. સદર ચેકીગ શીટથી તે સમયના નાયબ ઈજનેર, ધ્રાંગધ્રા શહેર પેટા વિભાગીય કચેરી દવારા કલમ ૧૨૬ પ્રમાણેનુ બીલ ઈસ્યુ કરવામાં આવેલ જેથી મે.કે.પી. ઈન્ડસ્ટ્રીઝ દવારા ૧૨૬ મુજબ એપેલેટ ઓથોરીટી ઈલે.ઈન્સ્પેકટર સમક્ષ રજુઆત કરેલ જે મુદે આ સાથે એપેલેટ ઓથોરીટીનું જજમેન્ટ સામેલ છે. ત્યારબાદ શહેર પેટા વિભાગીય કચેરી દવારા ૧૨૬ ના બીલને રદ ગણીને તે વિષયના સુધારા સાથે ફલેટ સ્લોનેસ –૨૩.૨૧૩% ગણતરીમાં લઈને બાકીના મહીના મે–૨૦૧૮ સુધીનું બીલ સ્લોનેસ મુજબ ઈસ્યુ કરેલ. જે બીલની રકમ મે. કે.પી. ઈન્ડસ્ટ્રીઝ દવારા ભરપાઈ કરવામાં આવેલ નથી. સદર બીલ ચેકીગ શીટના રીપોર્ટના આધારે–૨૩.૨૧૩% મુજબ ઈસ્યુ કરેલ છે. (૧) ફેબ્રુ–૨૦૧૬ થી ઓગસ્ટ–૨૦૧૬ સુધીના ૭(સાત) માસના પીરીયડનું ૧૩૮૭૨ યુનિટનું બીલ રૂા.૯૧૫૬૭.૬૧ આપેલ, જે તા.૦૧.૧૨.૨૦૧૬ ના રોજ ડેબીટ ભરાયેલ છે. (૨) સપ્ટે–૧૬ થી મે–૧૮ સુધીના ૨૧ (એકવીસ) માસના પીરીયડનું ૬૨૫૬૮ યુનિટનું રૂા.૪૩૪૨૯૧.૯૩ નું બીલ અપાયેલ છે. જેની તા.૨૫.૦૭.૧૮ ના રોજ ડેબીટ ભરાયેલ છે. (૩) જુન–૧૮ થી સપ્ટે–૧૮ સુધીના ૪ (ચાર) માસના સમયગાળાનું ૭૪૮૯ યુનિટનું રૂા.૫૧૩૨૩.૬૪ બીલ અપાયેલ છે જેની તા.૧૧.૧૦.૧૮ ના રોજ ડેબીટ ભરાયેલ છે. આ ગ્રાહક ખાતે રૂા.૫૨૯૪૯૨.૯૬ ની બાકી રકમ લેણી નીકળે છે, આ સાથે લેઝરશીટની નકલ, ચેકીગશીટની નકલ, એમ.આર.આઈ. રીપોર્ટ, પ્રથમ ઈસ્યુ કરેલ ૧૨૬ નું બીલ, એપેલેટ ઓથોરીટીનું જજમેન્ટ તેમજ સ્લોનેસનું બીલ જોડેલ છે.

૨.૫ વિશેષમાં આપ સાહેબશ્રીને જણાવવાનું કે તા.૧૧.૦૬.૨૦૧૯ ની સુનાવણી દરમ્યાન આપ સાહેબશ્રીના હુકમ મુજબ સદર ગ્રાહકના વીજ સ્થાપનની ચકાસણી કરી, ચેકીગ શીટ નં.SNC B ૯૨૨૫૧ તા.૧૨.૦૬.૧૯ થી ચેકીગ શીટ ભરેલ છે અને તેના એમ.આર.આઈ. રીપોર્ટ તેમજ ચેકીગ શીટ નં. SNC B ૯૨૨૫૧ તા.૧૨.૦૬.૧૯ ની નકલ આ સાથે સામેલ રાખેલ છે.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર મે. કે.પી. ઈન્ડસ્ટ્રીઝના નામનું ૫૭ KW નું ગ્રાહક નં.૨૪૯૦૧/૦૦૦૦૫/૫ થી ધ્રાંગધ્રા ખાતે વીજજોડાણ ધરાવે છે. વાદીનું વીજજોડાણનું માસિક વીજબીલ LTMD ટેરીફ હેઠળ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar.

૩.૨ વાદીનું વીજજોડાણ તા.૨૦.૦૮.૧૬ ના રોજ પ્રતિવાદી દવારા ચેકીંગ શીટ નં. SNC B ૪૭૦૨૬ થી ચેક કરી એકયુરસી ટેસ્ટ લેતાં વાદીનું વીજમીટર ૨૩.૨૧૩ % ધીમું જણાયેલ, તેથી પ્રતિવાદીએ વાદીને પાછળના ૬ માસ દરમ્યાન વપરાયેલ વીજવપરાશ ના પ્રોરેટા મુજબ ૨૩.૨૧૩ % ધીમાપણાનું પુરવણી બીલ ભારતીય વીજ અધિનિયમ ૨૦૦૩ ની કલમ ૧૨૬ હેઠળ રૂા.૯૧,૫૬૭.૬૧ નું આપેલ.

૩.૩ ત્યારબાદ વાદીએ ૫૦ % બીલની રકમ એટલે કે રૂા.૪૬૦૦૦/- ભરપાઈ કરી ભારતીય વીજ અધિનિયમ ૨૦૦૩ ની કલમ ૧૨૭ હેઠળ સહાયત વિદ્યુત નિરિક્ષક કચેરીમાં અપીલ નોંધવેલ.

૩.૪ સહાયક વિદ્યુત નિરિક્ષક, સુરેન્દ્રનગર એ હુકમમાં નોંધ કરેલ કે વાદીને આપવામાં આવેલ પુરવણી બીલ ભારતીય વીજ અધિનિયમ ૨૦૦૩ ની કલમ ૧૨૬ હેઠળ તેમજ સપ્લાય કોડ સેકશન ૭ (૧) (૧) હેઠળ સુસંગત ન હોય, પુરવણી બીલ રદ કરવાનો હુકમ કરેલ.

૩.૫ વાદીએ પ્રતિવાદીને અવારનવાર તેઓના બીલ માટે પત્ર તા.૨૨.૦૮.૧૬, ૦૨.૦૯.૧૬, ૦૫.૧૦.૧૬, ૨૬.૧૦.૧૬, ૨૧.૧૧.૧૬, ૨૩.૧૧.૧૬, ૨૬.૧૨.૧૬ તથા ૨૯.૧૨.૧૬ થી વીજમીટર ની ફેરચકાસણી કરવા માટે પત્રો લખેલ જેનો ઉલ્લેખ સહાયક વિદ્યુત નિરિક્ષકનાં ઓર્ડરમાં કરવામાં આવેલ છે.

૩.૬ પ્રતિવાદીએ વિદ્યુત નિરિક્ષકનાં હુકમ મુજબ વાદીને આપવામાં આવેલ કલમ-૧૨૬ હેઠળનું બીલ રદ કરેલ અને (૧) ફેબ્રુ-૧૬ થી ઓગસ્ટ-૧૬ દરમ્યાનનાં પીરીયડનું ૧૩૮૭૨ યુનિટનું બીલ રૂા.૯૧,૫૬૭.૬૧, (૨) સપ્ટે-૧૬ થી મે-૧૮ સુધીનાં ૨૧ માસનાં પીરીયડનું ૬૨૫૬૮ યુનિટનું બીલ રૂા.૪,૩૪,૨૯૧.૯૩, (૩) જુન-૧૮ થી સપ્ટે-૧૮ સુધીનાં ૪ માસનાં સમયગાળાનું ૭૪૯૮ યુનિટનું બીલ રૂા.૫૩,૧૨૩.૬૪ નું બીલ વાદીનાં એકાઉન્ટમાં ડેબીટ કરેલ અને વાદી સામે કુલ રૂા.૫,૨૯,૪૯૨.૯૬ ની બાકી નીકળની લેણી રકમ કાઢેલ છે.

૩.૭ ફોરમ દવારા પ્રતિવાદીને વાદીનાં ચેકીંગ તા.૨૦.૦૮.૧૬ ના રોજ લેવાયેલ MRI નો ડેટા તેમજ કયુમ્યુલેટીવ ઈવેન્ટ અને ઈવેન્ટ ડેટા તેમજ તે રીતે ફરીથી વાદીનાં વીજસ્થાપન પર લગાડેલ મીટરનો MRI ડેટા લેવાનું જણાવતાં પ્રતિવાદીએ તા.૧૨.૦૬.૧૯ અને ૨૦.૦૮.૧૬ નાં MRI રીપોર્ટ ફોરમને સબમીટ કરેલ છે.

૩.૮ પ્રતિવાદીએ રજુ કરેલ MRI માં ઈવેન્ટમાં વારંવાર વોલ્ટેજ (L3) ૦ અથવા તો એબનોર્મલી ઓછા આવેલ છે તેમજ જુદા જુદા સમયે OCCURANCE અને વોલ્ટેજ અને રીસ્ટોરેશન ની તારીખ બતાવેલ છે. આમ, પ્રતિવાદીએ રજુ કરેલા MRI નાં ઈવેન્ટ રીપોર્ટ પરથી સ્પષ્ટ જણાય છે કે વાદીનાં થ્રી ફેઈઝ મીટરમાં વોલ્ટેજ L3 નાં OCCURANCE અને રીસ્ટોરેશન ડેટા સહીત છે. એટલે કે વાદીનાં વીજ સ્થાપનનાં મીટરને મળતાં વોલ્ટેજ L3 MAKE અને Break થાય છે. માટે પ્રતિવાદીએ વાદીને ઉપરોકત તારણ નં.૩.૬ માં જણાવેલ બીલ અને તેની રકમ યોગ્ય નથી જણાતી અને તે અન્યાયીક છે. આથી MRI નાં ઈવેન્ટ રીપોર્ટ પરથી વોલ્ટેજ L3 નાં એબનોર્મલ પેરામીટરમાં ડયુરેશન અને તે સમય દરમ્યાન રેકર્ડ થયેલ યુનિટ પર ૨૩.૨૧૩ % સ્લોનેસ નાં બીલની ગણતરી કરી વધારાનું બીલ આપવું જોઈએ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar.

૩.૯ વાદી તથા પ્રતિવાદીએ રજુ કરેલ જુદા–જુદા ડોકયુમેન્ટસ અને રેકર્ડ પરથી સ્પષ્ટ જણાય છે કે વાદીનાં વીજ સ્થાપનનું ચેકીંગ તા.૨૦.૦૮.૧૬ થી અત્યાર સુધી વાદીએ વારંવાર રજુઆત કરવા છતાં, અનેક પત્રો લખવાં છતાં પ્રતિવાદીએ ખોટી રીતે સ્લોનેસનાં બીલ આપેલ છે તેમજ અત્યાર સુધી વાદીની કોઈપણ રજુઆત ને ગંભીરતાથી ધ્યાનમાં લઈ અને વાદીની ફરીયાદનું નિરાકરણ લાવેલ નથી તેમજ ૨૦૧૬ પછી વાદીએ વારંવાર MRI રીપોર્ટ માંગવા છતાં પ્રતિવાદી – કાર્યપાલક ઈજનેરશ્રી, ધ્રાંગધ્રા દવારા વાદીને MRI રીપોર્ટ આપેલ નહી તેમજ વાદીનું મીટરનું ટેસ્ટીંગ ન કરેલ કે બદલાવેલ નહી કે અન્ય કોઈપણ બાબતનાં ખુલાસા ફોરમને આપી શકેલ નહી. આના પરથી જણાય છે કે પ્રતિવાદી – કાર્યપાલક ઈજનેરશ્રીએ વાદીનાં કેસને ગંભીરતાથી ન લઈ અને યોગ્ય સમયે ફરીયાદનું નિવારણ કરવા કોઈ પગલાં લીધા નથી આથી ફોરમે પ્રતિવાદીનાં અધિક્ષક ઈજનેરશ્રીને તા.૦૩.૦૭.૧૯ ના રોજની મુદતમાં હીયરીંગ દરમ્યાન જરૂરી ડોકયુમેન્ટસ તથા MRI રીપોર્ટ સાથે હાજર રહેવા બોલાવેલ આથી અધિક્ષક ઈજનેરશ્રી, સુરેન્દ્રનગર ને કાર્યપાલક ઈજનેરશ્રી, ધ્રાંગધ્રા સામે ખાતાકીય પગલાં લેવાનો હુકમ કરે છે તેમજ ખાતાકીય પગલાંની ફોરમને જાણ કરવા હુકમ કરે છે.

૪.૦ ઉપરોકત તારણ નં.૩.૮ માં જણાવેલ MRI નાં ઈવેન્ટ રીપોર્ટ પરથી પ્રતિવાદીએ ખરેખર જે સમય દરમ્યાન વોલ્ટેજ L3 Make અને Break જણાય તે સમય દરમ્યાન નાં વીજવપરાશનાં યુનિટ પર ૨૩.૨૧૩ % સ્લોનેસની ગણતરી કરી વાદીને વીજબીલ પાઠવવું તેમજ અગાઉ તારણ નં.૩.૬ માં જણાવેલ તમામ બીલ તેમજ તેના પર લગાડેલ વિલંબીત ચુકવણી ચાર્જ રદ કરી તેમજ વાદીએ પુરવણી બીલ સામે ભરેલ રકમ તેને આપવામાં આવનાર રીવાઈઝડ બીલમાં એડજસ્ટમેન્ટ કરી આપવું.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૯ અને ૪.૦ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| (બી. જે. દવે)<br>**સ્વતંત્ર સભ્યશ્રી** | ગેરહાજર<br>(પી. એન. આજકીયા)<br>**ટેકનીકલ સભ્યશ્રી** | (એમ. આર.વજરીયા)<br>**અધ્યક્ષશ્રી,**<br>**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**<br>**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |
|---|---|---|

તારીખ :– ૦૩.૦૭.૨૦૧૯

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L Bhavnagar.